# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૦૬/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧

તા.૧૦.૦૪.૨૦૨૦

વંચાણે લીધાઃ

૧) અત્રેનાં કાર્યાલયનાં જા.નં.૨૯૯૦/વહીવટ/COVID-19/૨૦૧૯-૨૦, તા.૨૬.૦૩.૨૦૨૦

૨) યુ.જી.સી. APPEAL: For Contribution to Combat COVID-19 Dated; 28th March, 2020.

૩) અત્રેનાં કાર્યાલયનાં જા.નં.૦૧/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧, તા.૦૧.૦૪.૨૦૨૦

પરિપત્રઃ

સમગ્ર દેશમાં અને આપણાં રાજ્યમાં નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ને કારણે ઉભી થયેલી વિકટ આરોગ્યલક્ષી અને જોખમી કટોકટીને પાર પાડવા માટે સરકારથી માંડીને સમાજ સુધી તેમજ આરોગ્ય સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓ પોત પોતાની ક્ષમતા મુજબ કામગીરી કરી રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠે ભૂતકાળમાં રાષ્ટ્રીય કટોકટી સમયે અનેક પડકારો ઝીલી સમાજ ઉત્થાન માટે ઉમદા કાર્યો કર્યા છે. આવા કટોકટીનાં વર્તમાન સમયે સહાયરૂપ થવા માટે નાણાંકીય સહયોગ માટે ઉપરોકત વંચાણે લીધેલ પત્રોથી અપીલ કરવામાં આવી છે.

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નાં કારણે ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવા અને મદદરૂપ થવા માટે નાણાંકીય સહયોગ આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/વિભાગો/શાળાઓ/કેન્દ્રોમાં કામ કરતાં તમામ સેવકોનાં એપ્રિલ-૨૦૨૦નાં પગારમાંથી એક દિવસનાં પગારની રકમ જે તે સેવકનાં પગારમાંથી મેળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોઈ સેવક તેમાં વધારો કે ઘટાડો કરવા ઈચ્છતા હોય તો તેમની યાદી સંયોજક/વિભાગીય વડા/ડીન/આચાર્યશ્રીઓ તા.૨૫.૦૪.૨૦૨૦ સુધીમાં કુલસચિવ કાર્યાલયને મોકલશે અન્યથા પરિપત્ર મુજબ અમલવારી કરવામાં આપશે જે સૌની જાણ માટે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારૂં.